**વડોદરા DDOનો કડક નિર્ણય**

## પાદરા તાલુકાના દણોલી ગામના સરપંચ સસ્પેન્ડ

સરપંચ વિરુદ્ધ વડુ પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની વિવિધ ગંભીર કલમો હેઠળ ફોજદારી ગુનો નોંધાયો હતો

(પ્રતિનિધિ) પાદરા, તા.19 વડોદરા જિલ્લા વિકાસ અધિકારી મમતા હીરપરાએ મહત્વપૂર્ણ કાર્યવાહી કરતાં પાદરા તાલુકાના દણોલી ગ્રામ પંચાયતના સરપંચ રેણુકાબેન જયેશભાઈ પઢિયારને તેમના હોદ્દા પરથી તાત્કાલિક અસરથી મોકૂફ કરવાનો હુકમ કર્યો છે. આ નિર્ણયથી સ્થાનિક રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે. મળતી માહિતી મુજબ, સરપંચ વિરુદ્ધ વડુ પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની વિવિધ ગંભીર કલમો હેઠળ ફોજદારી ગુનો નોંધાયો હતો. આ કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી અને તેઓ વડોદરા મધ્યસ્થ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ રહ્યા હતા. 48 કલાકથી વધુ સમય સુધી કસ્ટડીમાં રહેવાના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત પંચાયત અધિનિયમ ની કલમ મુજબ, જો કોઈ સરપંચ સામે ફોજદારી કાર્યવાહી ચાલુ હોય અથવા તેમને જેલમાં અટકમાં રાખવામાં આવ્યા હોય, તો સત્તાવાળાઓ તેમને હોદ્દા પરથી મોકૂફ કરી શકે છે. આ જ કલમને આધારે DDO દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરપંચ તથા તેમના વકીલે રજૂઆત કરી હતી કે તેમની સામેનો કેસ રાજકીય અદાવતના કારણે દાખલ કરવામાં આવ્યો છે અને તેમાં કોઈ નૈતિક અધઃપતનનો મુદ્દો સામેલ નથી. જોકે, જિલ્લા વિકાસ અધિકારીએ તમામ દલીલો, પુરાવાઓ અને કોર્ટના અગાઉના ચુકાદાઓનું મૂલ્યાંકન કરીને કડક પગલું ભર્યું છે.

**દાહોદ જિલ્લામાં સરકારી યોજનામાં મોટો ભ્રષ્ટાચાર સામે આવ્યો**

## તણછીયા ગામમાં સરકારની મીની બોરવેલ યોજનામાં ગેરરીતિના ગંભીર આરોપ લાગ્યા

સમગ્ર મામલે કડક તપાસ થાય તેવી ગામલોકોની માંગ છે

(પ્રતિનિધિ) દાહોદ, તા.19 વર્ષ 2024-25 દરમિયાન 15મું નાણાપંચ - ટાઈડ ગ્રાન્ટ હેઠળ તણછીયા ગામના મીનામાં ફળિયામાં રહેતા ભરતભાઈ ધુળીયાભાઈના નામે મીની બોરવેલ માટે રૂ. 1,00,000 ફાળવવામાં આવ્યા હતા. તારીખ 30/04/2024ના સરકારી દસ્તાવેજમાં આ કામ પૂર્ણ થયાનું પણ દર્શાવવામાં આવ્યું છે. પરંતુ ચોંકાવનારી વાત એ છે કે વાસ્તવમાં ભરતભાઈના ઘરે કે ખેતરમાં કોઈપણ બોરવેલ બનાવવામાં આવ્યું નથી.જ્યારે સરકારી ચોપડે તેઓને મીની બોરવેલના લાભાર્થી તરીકે દર્શાવવામાં આવ્યા છે, ત્યારે પ્રશ્ન ઊભો થાય છે કે આ બોરવેલ આખરે ગયો ક્યાં? ભરતભાઈ અને તેમનો પરિવાર બંને વિકલાંગ છે, છતાં પણ તેમને યોજનાનો લાભ મળ્યો નથી–જે સરકારની વ્યવસ્થાપન પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. ભરતભાઈએ તલાટી-કમ-મંત્રીને અનેકવાર રજૂઆત કરી હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. હવે તેઓ માંગ કરી રહ્યા છે કે આ સમગ્ર મામલે કડક તપાસ થાય, જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી થાય અને તેમના હકનો બોરવેલ તેમને આપવામાં આવે. હવે જોવું રહ્યું કે પ્રશાસન આ મામલે શું પગલાં ભરે છે અને પીડિતને ન્યાય મળે છે કે નહીં.

**ગોધરામાં જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી સંદર્ભે કામગીરી**

## સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો નક્કી કરવા બેઠક યોજવામાં આવી

શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થાય તે માટે જરૂરી તમામ પગલાં સૂચના



(પ્રતિનિધિ) ગોધરા, તા.19 ગોધરા જિલ્લા પંચાયત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી ડૉ. ભાર્ગવ ડાંગર અને પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આગામી સામાન્ય ચૂંટણીઓમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોની ઓળખ કરી તે નક્કી કરવાનો હતો. આગામી તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬નું મતદાન યોજાનાર છે. જે અન્વયે અગાઉની લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન નોંધાયેલા વિવિધ ગુનાઓની વિગતોને ધ્યાને લઈ મતદાન મથકોનું સંવેદનશીલ અને અતિસંવેદનશીલ તરીકે વર્ગીકરણ કરવામાં આવશે. આ પ્રકારના વર્ગીકરણનો મુખ્ય હેતુ મતદારોને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડવાનો અને લોકશાહી ઢબે મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણી યોજવાનો છે. ચૂંટણી અધિકારી ડૉ. ભાર્ગવ ડાંગરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચારસંહિતાનું ચુસ્ત પાલન થાય અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થાય તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવશે.

**સ્થાનિક ચૂંટણી સંખેડામાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ યોજાયું**

## નગરમાં કાયદો વ્યવસ્થા જાળવવા સમીક્ષા શાંતિ જાળવવા અપીલ



(પ્રતિનિધિ) સંખેડા, તા.19 સંખેડામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાને લઈને સંખેડા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા આજરોજ સંખેડા ખાતે ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ફૂટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસ સ્ટાફે સંખેડાના મુખ્ય માર્ગો, બજાર વિસ્તાર અને સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં ફરીને નિરીક્ષણ કર્યું હતું. પોલીસ અધિકારીઓએ સ્થાનિક વેપારીઓ અને નાગરિકો સાથે વાતચીત કરી ચૂંટણી દરમિયાન શાંતિ જાળવવા અપીલ કરી હતી. સાથે જ કોઈપણ પ્રકારની અફવા કે ગેરકાયદેસર પ્રવૃત્તિ ધ્યાને આવે તો તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપવામાં આવી હતી. પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું કે ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે પોલીસ તંત્ર સંપૂર્ણ સજ્જ છે. આગામી દિવસોમાં પણ આ પ્રકારનું પેટ્રોલિંગ અને ચેકિંગ સઘન બનાવવામાં આવશે.

## બિરસા મુંડા આદિવાસી સમાજ ભવનના બીજા માળના બાંધકામની શરૂઆત

**આધુનિક** લાયબ્રેરી કમ રીડિંગ રૂમના

(પ્રતિનિધિ) દાહોદ, તા.19 બિરસા મુંડા આદિવાસી સમાજ ભવન દાહોદ ખાતે હાલમાં રીડિંગ માટે આવતા તથા લાઈબ્રેરીનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે.હાલમાં આદિવાસી સમાજ ના અંદાજે ૭૦ જેટલા વિદ્યાર્થીઓ આ રીડિંગ રૂમમાં નિયમિત રીતે ૧૦-૧૨ કલાકનું વાંચન કરી રહ્યા છે. આ રીડિંગ રૂમ માં અભ્યાસ કરીને અત્યાર સુધી માં લગભગ ૬૦-૭૦ યુવાનોએ જુદી જુદી નોકરીઓ મેળવી લીધી છે. હાલમાં પણ આ પ્રવૃત્તિ નિરંતર ચાલી રહી છે. આદિવાસી સમાજ ના વધુને વધુ યુવાનો ને લાયબ્રેરી અને રીડિંગ રૂમ ની સુવિધાનો લાભ મળી રહે તે હેતુથી ભવનના બીજા મજલા પર અંદાજે રૂપિયા ૨૦ લાખ ના ખર્ચે મોટા અને આધુનિક સુવિધાયુક્ત રીડિંગ રૂમ નું બાંધકામ હાથ ધરવાનું ભવન મેનેજમેન્ટ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. જેના બાંધકામ માટે આજે તા. ૧૯.૪.૨૦૨૬ ના રોજ ભવનના કન્વિનર, બિરસા આદિવાસી સાર્વજનિક ટ્રસ્ટ દાહોદ ના મંત્રી તેમજ અન્ય ટ્રસ્ટીઓ અને મેનેજમેન્ટ ટીમ ના સભ્યો દ્વારા બાંધકામ ની શરૂઆત કરવામાં આવી છે. બાંધકામ માટે જરૂરી નાણાંકીય ભંડોળ સમાજજનો પાસેથી યોગદાન તરીકે મેળવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે માટે આજથી ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. આ હેતુ માટે મળેલ નાણાં નો પૂરેપૂરો અને પારદર્શક રીતે નિર્ધારિત હેતુ માટે જ ઉપયોગ કરવામાં આવશે તેની ખાતરી આપવામાં આવે છે.

## પાદરા તાલુકાના મોભા ગામે મહિલા સાથે છેડતી અને મારામારીનો બનાવ, 2 સામે ફરિયાદ

**આરોપીએ** લોખંડની પાઈપથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો

(પ્રતિનિધિ) પાદરા, તા.19 પાદરા તાલુકાના મોભા ગામે પરિવારિક વિવાદને લઈ મહિલા સાથે છેડતી અને મારામારીનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં બે આરોપીઓ સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. 02 એપ્રિલ 2026ના રોજ સાંજના સમયે મોભા ગામે ફરીયાદી મહિલાના પિતા રાજેન્દ્રભાઈ સતીલાલ પટેલના ઘરે ઘટના બની હતી. આરોપી મનીષાબેન અજીતસિંહ રાજ (રહે. મોભા ગામ) અને સંજયભાઈ રાવજીભાઈ માળી (રહે. ભાણપુર) ના નામ સામે આવ્યા છે. ફરીયાદી પ્રિયાબેન બ્રિજેશ પટેલના જણાવ્યા મુજબ, બંને આરોપીઓ બાઈક પર આવી "જીનલને કેમ હેરાન કરે છે?" તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો અને ફરીયાદીનો ભાઈ હર્ષ પટેલ સાથે મારામારી કરી હતી. વચ્ચે છોડાવવા પડેલા પિતા રાજેન્દ્રભાઈને પણ માર મારવામાં આવ્યો હતો. દરમિયાન ફરીયાદી મહિલા પોતાના 8 માસના બાળક સાથે વચ્ચે પડતાં તેમને પણ ધક્કો મારી નીચે પાડી દેવામાં આવ્યા હતા. આ બનાવ દરમિયાન આરોપી સંજયભાઈએ લોખંડની પાઈપથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. વધુમાં ફરીયાદી મહિલાની અશ્લીલ રીતે છેડતી કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું પણ ફરીયાદમાં નોંધાયું છે. ઘટના બાદ ફરીયાદી મહિલા ભયભીત થઈ પોતાના પતિ સાથે અમદાવાદ ચાલી ગઈ હતી. બાદમાં પતિના સમજાવટથી તને તા.18 એપ્રિલ 2026ના રોજ વડુ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. હાલ પોલીસે તપાસ શરૂ કરી છે અને આરોપીઓની ધરપકડ અંગે કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. આ સમગ્ર ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે.

## ડભોઇમાં ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ નિમિત્તે મહાઆરતી કરી ઉજવણી કરાઈ



**ડભોઇ :** ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર શ્રી પરશુરામ ભગવાનના જન્મોત્સવ નિમિત્તે ડભોઇ સ્થિત આયુષ સોસાયટીમાં આવેલ નર્મદેશ્વર મહાદેવ મંદિરે ભવ્ય મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે ધાર્મિક માહોલ વચ્ચે મોટી સંખ્યામાં બ્રહ્મબંધુઓ તેમજ હિંદુ ભાઈઓ-બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ભગવાન પરશુરામના જીવન અને તેમના આદર્શો અંગે પ્રવચન આપવામાં આવ્યું હતું. મહા આરતી બાદ ભક્તોએ ભાવપૂર્વક પ્રાર્થના કરી અને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ પ્રસંગે વડોદરા જિલ્લા કેળવણી મંડળ ડભોઇ પ્રમુખ શશીકાંતભાઈ પટેલ,જિલ્લા પ્રમુખ ડો.બી.જે બ્રહ્મભટ્ટ, ચિરાગ જોશી,વિવેક મહેતા, મિતેશ પંચાલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

## શ્રી પરશુરામ જન્મોત્સવની હાલોલમાં બ્રહ્મ સમાજ દ્વારા ઉજવણી કરાઈ

બપોરે ચાર કલાકે ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી



(પ્રતિનિધિ) હાલોલ, તા.19 સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ,( રાજ્યકક્ષા ) પરશુરામ ઉત્સવસમિતિ હાલોલ દ્વારા શ્રી પરશુરામ જન્મ જયંતી નિમિત્તે આગલા દિવસે સંગીત સંધ્યા તેમ જ તારીખ 19.04.2026 ને રવિવારના રોજ શ્રી ભગવાન પરશુરામ ની પાદુકા પૂજન સવારે 9:30 કલાકે શાસ્ત્રોક વિધિ વિધાન મુજબ કરવામાં આવ્યું હતું . ત્યારબાદ બપોર પછી ચાર કલાકે ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી તે હાલોલના અલગ અલગ વિસ્તારમાં ફરી પરત બ્રહ્મ સમાજ વાડી ખાતે પૂર્ણ કરવામાં આવી હતી . ત્યારબાદ ઉપસ્થિત સર્વે બ્રહ્મ સમાજના ભક્તો માટે બ્રહ્મ ભોજન ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.આમ પરશુરામ જન્મ જયંતી નિમિત્તે હાલોલ નગરમાં એક ભક્તિમય વાતાવરણ ઊભું થયું હતું તેમાં સર્વ ભક્તો તરબોળ થયા હતા અને ખૂબ જ આનંદ અને ઉત્સાહભેર પરશુરામ જન્મજયંતિ ની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી.

**ગુજરાત મિત્રના અહેવાલ બાદ તંત્ર સફાળુ જાગ્યું**

## 4.20 કરોડના ડૉ. મુવાડા થી છકડીયા- સામલી રોડનું અધૂરું કામ અઢી મહિના પછી શરૂ

**સ્થાનિકોની** ફરિયાદ અને અહેવાલ બાદ ૪.૨૦ કરોડના અધૂરા માર્ગ પર આખરે સાઈડ શોલ્ડરની કામગીરી શરૂ કરાઈ



(પ્રતિનિધિ) ગોધરા, તા.19 ગોધરા તાલુકાના ડોક્ટરના મુવાડાથી છકડીયા -સામલી જંગલને જોડતા માર્ગની કામગીરીમાં તંત્રની મોટી બેદરકારી સામે આવ્યા બાદ આખરે હિલચાલ શરૂ થઈ છે. રૂપિયા ૪.૨૦ કરોડના તોતિંગ ખર્ચે બની રહેલા આ માર્ગ પર જાન્યુઆરી મહિનામાં ડામર પાથર્યા બાદ કોન્ટ્રાક્ટરે કામ અધૂરું છોડી દીધું હતું. આ ગંભીર બાબતે ગુજરાત મિત્ર દ્વારા ૭મી એપ્રિલના રોજ વિસ્તૃત અહેવાલ પ્રસિદ્ધ કરી જનતાની સમસ્યાને વાચા આપવામાં આવી હતી. મીડિયાના અહેવાલ અને સ્થાનિક વાહનચાલકોની ફરિયાદના પગલે ઊંઘતા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરમાં દોડધામ મચી જતા આખરે રવિવાર તારીખ ૧૯ એપ્રિલથી રોડની બંને બાજુએ માટી નાખીને સાઈડ શોલ્ડર ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. માર્ગ પર માત્ર ડામર પાથરીને અઢી મહિના સુધી કામ બંધ રાખવામાં આવ્યું છતાં માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ શું કરતા હતા અને તેમણે ફરજ પર શી કાળજી રાખી તેના ઉપર હવે એક મોટો સવાલ ઊભો થયો છે.

**શિનોરમાં એકના ડબલ કરવાની લાલચમાં થયેલી છેતરપિંડી**

## પોલીસે ગુનાનો ભેદ ઉકેલી ફરિયાદીને 30 લાખ પરત કર્યા



(પ્રતિનિધિ) શિનોર, તા.19 શિનોર પોલીસ મથકે અઘોરી પ્રથા, કાળો જાદુ અને એકના ડબલ ની ફરિયાદ ના આરોપીઓ પાસેથી રૂપિયા 30 લાખ પરત મેળવી કોર્ટના હુકમથી પોલીસે ફરિયાદીને પરત આપેલ છે. શિનોર પોલીસ સ્ટેશને તારીખ 8 -11- 2025 ના રોજ ફરિયાદી નિલેશભાઈ ઓમપ્રકાશ અગ્રવાલ, બોડેલી દ્વારા આરોપીઓ ગોપીનાથ બાબા ઉર્ફ બેલીમ ,પાનસોરા તા.ઉમરેઠ, તથા ઝાકીરભાઈ, દક્ષેશ ઠાકર, ભૌમિક ઠાકર, ત્રણ નાના કરાડા સામે રૂપિયા 30 લાખ એકના ડબલ કરવાની લાલચ આપીને પડાવી લઈ છેતરપિંડીની ફરિયાદ કરેલ હતી. તેની તપાસ પી.આઈ.ગોહિલ કરી રહ્યા હતા, અને તપાસ દરમિયાન તમામ આરોપીઓને ઝડપી પાડી ને મુદ્દા માલના રૂપિયા 30 લાખ કબજે કરેલ હતા. શિનોર નામદાર કોર્ટમાં BNSS ની કલમ 497 મુદ્દામાલ પરત મેળવવાની અરજ કરેલ હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ તારીખ 27 માર્ચ 2026ના રોજ પ્રિન્સિપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.શિનોર દ્વારા શરતોને આધીન 29 લાખ 80 હજાર પરત મેળવવાની અરજી ગ્રાહ્ય રાખવામાં આવી હતી અને બમણી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ રજૂ કર્યેથી આ રકમ પરત સોંપવાનો હુકમ કર્યો હતો. આ હુકમ મુજબ તારીખ 17 એપ્રિલ 2026 ના રોજ શિનોર ના નવા મુકાયેલા પી.આઈ.આર.આર.વસાવા દ્વારા ફરિયાદી નિલેશભાઈ ઓમ પ્રકાશ અગ્રવાલ બોડેલી વાળાને રૂબરૂમાં આપેલા છે. આ ગુનાને ડિટેક્ટ પી.આઈ. બી. એન.ગોહિલે કર્યો અને ફરિયાદીને રોકડા રૂપિયા 30 લાખ આપવાના હુકમનું પાલન પી.આઈ. આર.આર.વસાવાએ કર્યુ હતું.

**વીજતંત્ર દ્વારા સત્વરે ઘટતુ કરવા માંગ**

## સિંગવડમાં હાઈ-વોલ્ટેજથી વીજઉપકરણો બળી જવાની ફરિયાદ

(પ્રતિનિધિ) સિંગવડ, તા.19 સિંગવડ નગર ખાતે મધ્ય ગુજરાત વીજ કંપનીના સપ્લાય એકદમ વધી જતા ઘણા બધા વીજ ગ્રાહકોને નુકસાન થવા પામ્યું સિંગવડ નગર ખાતે બે દિવસ પહેલા વીજળીનો સપ્લાય ઓચિંતો સાંજના સમયે વધારે વોલ્ટેજ આવી જતા સિગવડ નગરના પીપલોદ રોડ ની ડીપી પર થી જતો સપ્લાય ના કનેક્શનમાં મોટાભાગના કનેક્શનમાં પંખા ટ્યુબ ઈન્વેટર ટીવી ફ્રીજ વગેરે ઈલેક્ટ્રીક વસ્તુને નુકસાન સાથે ઉડી જવા પામ્યું હતું જ્યારે ઓચિંતો વીજળીના વોલ્ટેજ વધવાના લીધે વીજ ગ્રાહકોને નુકસાન થવાથી લાખો રૂપિયા નુકસાન થયું હતું જ્યારે ગત રાત્રે પણ આ જ રીતના ડીપી પર થી ઓચિંતો વોલ્ટેજ વધતા ફરી એ જ લાઈનના લોકોને નુકસાન થવા પામ્યું હતું જ્યારે વારંવાર આવું નુકસાન થવાથી વીજ ગ્રાહકોને નુકસાની ભોગવવાનો વારો આવ્યો છે જ્યારે ખરેખર વીજળીનો પાવર એકદમ વધી જાય તો તે વીજળીની ડીપી પર સપ્લાય વ્યવસ્થિત થાય તેવું કંઈક મૂકવામાં આવે તો આ અવારનવાર જે સપ્લાય વધી જતો હોય છે તેને કંટ્રોલ કરી શકે અને લોકોને નુકસાન થતું અટકી શકે તેમ છે જ્યારે ગ્રાહકોને જે નુકસાન થવા પામ્યું છે તેની ભરપાઈ મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા કરવામાં આવશે ખરી જે અવારનવાર આવા બનાવ બને તે રોકી શકાય તેના માટે મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા કોઈ પણ કદમ ઉઠાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે

**ચૂંટણીલક્ષી વચનો જો ઠાલા નીકળ્યા તો ખૈર નથી**

## ડભોઈની આયુષ સોસાયટીના રહીશોએ ઉમેદવારો પાસે લેખિતમાં બાંહેધરી લીધી



(પ્રતિનિધિ) ડભોઈ, તા.19 ડભોઈ નગરપાલિકા ની ચૂંટણી માં હવે ગણતરી ના દિવસો બાકી છે. તેવામાં ઉમેદવારો દ્વારા પ્રચાર માં એડીચોંટી નું જોર લગાવવા આવી રહ્યું છે. પરંતુ આ વખતે સમગ્ર ગુજરાત માં મતદારો નો મત બદલાયો હોય તેવું લાગી રહ્યું છે. ભાજપ નો ગઢ ગણાતી અને પુર્વ પ્રમુખ ના વોર્ડ નંબર 1 માં આવતી આયુષ સોસાયટી ના રહીશો ડ્રેનેજ ની સમસ્યાઓ થી પરેશાન થઈ ગયા છે. ચોમાસા માં વરસાદી પાણી ની સાથે ગટર ના ગંદા પાણી ઘરો માં આવી જતા હોવાની સમસ્યા થી તેઓ ઘણા સમય થી પીડિત છે. વારંવાર ની રજુઆત કારવા છતાં સમસ્યાઓ ઠેર ની ઠેર જોવા મળે છે. જેથી આ વખતે સોસાયટી ના મતદારો એ મિજાજ બદલ્યો છે. તેમને મત લેવા માટે આવેલ ઉમેદવારો પાસે થી લેખિતમાં તેઓ ની સમસ્યાઓ નું સમાધાન કરી જ આપવા માં આવશે તેવું બાંહેધરી પત્રક સહી સાથે લીધું છે. રહીશો નું કહેવું છે કે તેઓ વર્ષો થી ભાજપા ના સમર્થક રહ્યા હોવા છતાં સમસ્યાઓ અકબંધ રહેતા આ વખતે લેખિતમાં માં બાંહેધરી પત્રક લેવું પડ્યું છે. સોસાયટી ના રહીશ એવા મિતેશ પંચાલે એમ પણ જણાવેલ કે અમે પાંચ વર્ષ અમારો વોટ ઈન્વેસ્ટમેન્ટ કરીએ અને જો સમસ્યાઓ ના સમાધાન રૂપી વડતર ન મળે તો કેવી રીતે ચાલે. તેમજ વધુ માં જણાવેલ કે ખરેખર જે તે પાર્ટી ના પ્રમુખ દ્વારા પણ લેટર હેડ ઉપર બાંહેધરી આપવી જોઈએ કે આવી સામાન્ય ડ્રેનેજ, પાણી જેવી સમસ્યાઓ દૂર નહી થાય તો આગામી ચૂંટણી માં અમે વોટ માંગવા નહી આવીએ.